# ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

(ગુજરાત સરકારનું જાહેર સાહસ)
બ્લોક નંબર–૧, બી–૧ વીંગ, ત્રીજો માળ, કર્મયોગી ભવન,
સેકટર–૧૦/એ, ગાંધીનગર.

## ડૉ.આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના હેઠળ સહાય

સરકારશ્રી દ્વારા રાજયનાં સફાઈ કામદારો અને તેમના આશ્રિતો કે જેઓ ખુલ્લો પ્લોટ, અથવા કાચુ મકાન ધરાવતા હોય તેવાં અરજદારોને રહેણાક માટે પાકા આવાસ બનાવવા ડૉ. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના અમલમાં છે. આ યોજના હેઠળ કુલ રૂા.૧,૭૦,૦૦૦/– ની સહાય મળવાપાત્ર છે. જેની ચૂકવણીની પધ્ધતિ નીચે મુજબ રહેશે.

(૧) પ્રથમ હપ્તો રૂા. ૩૦,૦૦૦/– (વહીવટી મંજૂરીના હુકમ સાથે)
(૨) બીજો હપ્તો રૂા. ૮૦,૦૦૦/– (પ્લીન્થ લેવલ થયેથી)
(૩) ત્રીજો હપ્તો રૂા. ૫૦,૦૦૦/– (રૂફ કાસ્ટ લેવલ પૂર્ણ થયેથી)
(૪) ચોથો હપ્તો રૂા. ૧૦,૦૦૦/– (શૌચાલય સહિતનું આવાસ પૂર્ણ થયેથી)

આ યોજનાનો લાભ સફાઈ કામદારો અને તેમના અશ્રિતોને સહાય મળવાપાત્ર છે. નાણાંકીય વર્ષ ૨૦૨૬–૨૭ દરમ્યાન આ યોજનાનો લાભ લેવા માંગતા હોય તેવાં અરજદારોએ https://esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઈન અરજી ફોર્મ ભરવાનાં રહેશે. ઓનલાઈન અરજી કરતા સમયે PORTAL પર ઉપલબ્ધ માર્ગદર્શક સુચનાઓ મુજબ જરૂરી સાધનિક કાગળો અરજદારશ્રીઓએ માત્ર ઓનલાઈન SUBMIT કરવાના રહેશે.જયારે સંબંધિત અધિકારીશ્રી જણાવે ત્યારે અસલ કોપી રજુ કરવાની રહેશે.

વધુમાં આ યોજનાનો લાભ મેળવવા માંગતા અરજદારોએ ઓનલાઈન અરજી કરવા માટે સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી (અ.જા.ક.) અને જિલ્લા મેનેજરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની જિલ્લા કક્ષાની કચેરીનો સંપર્ક કરીને ઓનલાઈન અરજી કરી શકાશે.

**મેનેજીંગ ડિરેક્ટર**
ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ
ગાંધીનગર